ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

**પરિપત્ર:**

**વિષય: GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અને નવું સમયપત્રક બાબત.**
**સંદર્ભઃ ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (જીકેસ) પોર્ટલ અંતર્ગત વિદ્યાર્થીઓના હિત માટે લેવામાં આવેલ નિર્ણયોનું તાત્કાલિક અમલીકરણ કરવા બાબતનો કે.સી.જીનો પત્ર ક્રમાંક: કે.સી.જી./GCAS/૨૦૨૪-૨૫/૯૩૧, તા:૨૯/૦૬/૨૦૨૪**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિવિધ સ્નાતક કક્ષાનાં ડિગ્રી કોર્સ (મેડીકલ, પેરા-મેડીકલ સિવાય)/અનુસ્નાતક કક્ષાનાં કોર્સ/પી.જી. ડીપ્લોમાં/ડિપ્લોમા /સર્ટીફીકેટ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેની પ્રવેશ પ્રક્રિયા ફરજીયાતપણે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ દ્વારા કરવાની થાય છે. જે અંતર્ગત ઉક્ત સંદર્ભ પત્રની વિગતે દર્શાવેલ કાર્યવાહી નોંધ અને સૂચના અનુસાર વિદ્યાર્થીઓની રજુઆતો અને તેમના હિતને ધ્યાને લઇ નિર્ણય કરવામાં આવેલ છે જેની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે જે મુજબ અમલવારી કરવાની થાય છે. જે અનુસંધાને નીચે સમયપત્રક મુજબ પ્રવેશ પ્રક્રિયા કરવા તથા યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા અંગે GCAS તથા GIPL સાથે સંકલન કરી જાહેર કરવામાં આવેલ સમયપત્રક અનુસાર પ્રવેશ પ્રક્રિયા કરવા જણાવવામાં આવે છે તથા સામેલ સૂચનાઓ અનુસાર વિદ્યાર્થીઓને પુરતું માર્ગદર્શન આપવા વિનંતી.

**ખાસ સૂચનાઓ:**

***સ્નાતક / ડિપ્લોમા/ સર્ટીફીકેટ અભ્યાસક્રમ માટે (UG Program) (ધોરણ-૧૨ પછીનાં અભ્યાસક્રમ માટે)***

1) સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દ્વિતીય (બીજા) રાઉન્ડની પ્રક્રિયા GCAS ધ્વારા મુકવામાં આવેલ અગાઉનાં શિડયુલ મુજબ જ તા:૦૧/૦૭/૨૦૨૪ થી તા:03/૦૭/૨૦૨૪ સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
2) સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પ્રથમ તબક્કાની યુનિવર્સિટી જાહેર કરે તે અનુસારનાં સમયપત્રક અનુસારની અંતિમ ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. **(સમયપત્રક હવે પછી જાહેર કરવામાં આવશે)**

   તા:૨૮/૦૬/૨૦૨૪ની બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.૧માં થયેલ નિર્ણય અનુસાર

   - તા.૦૪/૦૭/૨૦૨૪ થી તા.૦૬/૦૭/૨૦૨૪ સુધી સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

3) વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ હોય તેઓ પોતાની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત, વિષય પસંદગી કે કોલેજ પસંદગીમાં ફેરફાર કરી શકશે જે માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી માધ્યમથી કાર્યવાહી કરવાની રહેશે.

   તા:૨૮/૦૬/૨૦૨૪ની બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.3માં થયેલ નિર્ણય અનુસાર

   - GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય વગેરેમાં જરૂરી ફેરફાર માટે સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.

4) વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ હોય અને પ્રવેશ રદ કરાવવા માંગતા હોય તો તેમણે જે-તે કોલેજમાં જઈ પ્રવેશ રદ કરાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. આ અંગેની ટેકનીકલ બાબતો માટે યુનિવર્સિટી ધ્વારા GIPL સાથે સંકલન કરી કાર્યવાહી કરવામાં આવશે. સંસ્થામાં ભરેલ ફી યુજીસીનાં નિયમાનુસાર રીફંડ મળવાપાત્ર છે જે અંગેની તમામ કાર્યવાહી વિદ્યાર્થીએ કોલેજ સાથે પોતે કરવાની રહેશે જે માટે યુનિવર્સિટીની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ તેની પ્રવેશ રદ કરાવનાર સર્વે વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
: www.bknmu.edu.in

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
registrar@bknmu.edu.in

તા:૨૮/૦૬/૨૦૨૪ની બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.૪માં થયેલ નિર્ણય અનુસાર

- GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થી દ્વારા કોલેજ-યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ મેળવેલ હોય અને પોતાનો પ્રવેશ કોઈ કારણસર રદ કરાવવા ઈચ્છતા હોય તો તેઓ સંબંધિત યુનિવર્સિટી/કોલેજમાં જઈ પોતાના પ્રવેશ રદ કરાવી શકશે. આ માટે યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને જે તે યુનિવર્સિટી/કોલેજ કક્ષાએથી પ્રવેશ રદ્દ કરી શકશે.

***અનુસ્નાતક / પી.જી.ડિપ્લોમા/ ડિપ્લોમા/ સર્ટીફીકેટ અભ્યાસક્રમ માટે (PG Program) (સ્નાતક પછીનાં અભ્યાસક્રમ માટે)***

1) અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દ્વિતીય (બીજા) રાઉન્ડની પ્રક્રિયા GCAS ધ્વારા મુકવામાં આવેલ અગાઉનાં શિડયુલ મુજબની હાલ સ્થગિત રાખવાની રહેશે.
2) તા:૦૧/૦૭/૨૦૨૪ થી તા:૦૩/૦૭/૨૦૨૪ સુધીમાં અનુસ્નાતક કક્ષાનાં પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે નવી અરજી (રજીસ્ટ્રેશન) સ્વીકારવામાં આવશે તેમજ જે વિદ્યાર્થીઓએ અગાઉ અરજી કરી છે તેઓ પોતાની અરજીમાં વિગત સુધારી શકશે.

   વિશિષ્ટ સૂચના:
   - **વિદ્યાર્થીઓએ સ્નાતક અભ્યાસક્રમમાં CGPA દર્શાવેલ હોય તેમણે CGPA પ્રમાણેની ટકાવારી દર્શાવવાની રહેશે.**
   - **વિદ્યાર્થીઓએ સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમમાં માર્ક્સ દર્શાવેલ હોય તેમણે માત્ર છેલ્લા સેમેસ્ટરનાં કુલ ગુણ માંથી મેળવેલ ગુણ દર્શાવવા નહિ પરંતુ એગ્રીગેટ એટેલે કે તમામ સેમેસ્ટર ૧ થી ૬ નાં કુલ માર્ક્સ (ઇન્ટરનલ અને એક્સ્ટર્નલ સાથે) પૈકી મેળવેલ માર્ક્સ અને તે મુજબની ટકાવારી દર્શાવવાની રહેશે.**

   તા:૨૮/૦૬/૨૦૨૪ની બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.૨માં થયેલ નિર્ણય અનુસાર
   - તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૦૩/૦૭/૨૦૨૪ સુધી અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા માટે GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.
3) અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પ્રથમ તબક્કાનાં દ્વિતીય અને અંતિમ રાઉન્ડની યુનિવર્સિટી જાહેર કરે તે અનુસારનાં સમયપત્રક અનુસારની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. **(સમયપત્રક હવે પછી જાહેર કરવામાં આવશે)**

   તા:૨૮/૦૬/૨૦૨૪ની બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.૨માં થયેલ નિર્ણય અનુસાર
4) વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ હોય તેઓ પોતાની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત, વિષય પસંદગી કે કોલેજ પસંદગીમાં ફેરફાર કરી શકશે જે માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી માધ્યમથી કાર્યવાહી કરવાની રહેશે.

   તા:૨૮/૦૬/૨૦૨૪ની બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.૩માં થયેલ નિર્ણય અનુસાર
   - GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય વગેરેમાં જરૂરી ફેરફાર માટે સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.
5) વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ હોય અને પ્રવેશ રદ કરાવવા માંગતા હોય તો તેમણે જે-તે કોલેજમાં જઈ પ્રવેશ રદ કરાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. આ અંગેની ટેકનીકલ બાબતો માટે યુનિવર્સિટી ધ્વારા GIPL સાથે સંકલન કરી કાર્યવાહી કરવામાં આવશે. સંસ્થામાં ભરેલ ફી યુજીસીનાં નિયમાનુસાર રીફંડ મળવાપાત્ર છે જે અંગેની તમામ કાર્યવાહી વિદ્યાર્થીએ કોલેજ સાથે પોતે કરવાની રહેશે જે માટે યુનિવર્સિટીની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ તેની પ્રવેશ રદ કરાવનાર સર્વે વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

   તા:૨૮/૦૬/૨૦૨૪ની બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.૪માં થયેલ નિર્ણય અનુસાર
   - GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થી દ્વારા કોલેજ-યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ મેળવેલ હોય અને પોતાનો પ્રવેશ કોઈ કારણસર રદ કરાવવા ઈચ્છતા હોય તો તેઓ સંબંધિત યુનિવર્સિટી/કોલેજમાં જઈ પોતાના

પ્રવેશ રદ કરાવી શકશે. આ માટે યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને જે તે યુનિવર્સિટી/કોલેજ કક્ષાએથી પ્રવેશ રદ્દ કરી શકશે.

6) જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ માધ્યમથી બી.એડ. પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ હોય તેઓ પોતાની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત, વિષય પસંદગી કે કોલેજ પસંદગીમાં ફેરફાર કરી શકશે જે માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી માધ્યમથી કાર્યવાહી કરવાની રહેશે.

**તા:૨૮/૦૬/૨૦૨૪ની બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.૫માં થયેલ નિર્ણય અનુસાર**

- GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થીઓ દ્વારા B.Ed. પ્રોગ્રામમાં પ્રવેશ મેળવેલ હોય પરંતુ વિદ્યાર્થી પોતાની પ્રવેશ મેળવેલ વિષય, શૈક્ષણિક વિગત વગેરેમાં જરૂરી ફેરફાર કરવા ઈચ્છતા હોય તો, તે સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજ કક્ષાએ ફેરફાર કરી શકશે.

ઉક્ત વિગતે સ્નાતક અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા માટેનું શિડયુલ (અપડેટ સમયપત્રક) તા:03/0૭/૨૦૨૪નાં રોજ જાહેર કરવામાં આવશે જે માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓએ યુનિવર્સિટી વેબસાઈટ (https://bknmu.edu.in/ ) ઉપર અપડેટ સમયપત્રક ચકાસી આગળની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

ડૉ. ડી. એચ. સુખડીયા
કા.કુલસચિવ

**બિડાણઃ**

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૦૯/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૧/૦૭/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# KNOWLEDGE CONSORTIUM OF GUJARAT

Registered Society under the Department of Education
Pragna Puram Campus, Opposite PRL, Near L.D College of Engineering,
Navarangpura, Ahmedabad, Gujarat 380015, India

ક્રમાંક:કે.સી.જી/GCAS/૨૦૨૪-૨૫/૯૩૧ તા:૨૯/૦૬/૨૦૨૪

પ્રતિ,

કુલપતિશ્રી,

1) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
2) ગુજરાત યુનિવર્સિટી
3) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
4) ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
5) મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી
6) સરદાર પટેલ યુનિવર્સિટી
7) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
8) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
9) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
10) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
11) ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન
12) ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સિટી
13) ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
14) ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી
15) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

**વિષય: ગુજરાત કોમન એડ્મિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ અંતર્ગત વિદ્યાર્થીઓનાં હિત માટે લેવામાં આવેલ અગત્યનાં નિર્ણયોનું તાત્કાલિક અમલીકરણ કરવા બાબત.**

શ્રીમાન,

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી રાજ્યની ૧૫-સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન વિભાગો/ભવનો/ સરકારી, બિનસરકારી, સ્વ-નિર્ભર અને ઓટોનોમસ કૉલેજોમાં વિનયન, વાણીજય, વિજ્ઞાન, શિક્ષણ, કાયદા તથા અન્ય વિદ્યાશાખામાં ધોરણ-૧૨ પછીના સર્ટિફિકેટ, ડિપ્લોમા, સ્નાતક, સ્નાતક પછીના પ્રોગ્રામ જેમ કે, B.Ed., LLB, અનુસ્નાતક, અને પીએચ.ડી. કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ – GCASની રચના કરવામાં આવેલ છે.

GCAS પોર્ટલ અંતર્ગતની વિદ્યાર્થીઓની રજૂઆતઓને ધ્યાને રાખતા ઉચ્ચ કક્ષાએ ગુજરાતની ૧૫ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની બેઠકમાં સર્વસંમતીથી વિદ્યાર્થીઓનાં હિતમાં અગત્યનાં નિર્ણયો લેવામાં આવેલ છે. જે અંગેની માહિતી આ પત્ર સાથે સામેલ છે. આમ, વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખતા આ બાબતોનું તાત્કાલિક અમલીકરણ થાય તે મુજબની કામગીરી આપની કક્ષાએથી કરવા આપશ્રીને આથી જણાવવામાં આવે છે.

આભાર સહ,

પ્રો. એ. યુ. પટેલ,
એડવાઈઝર, કેસીજી
ઉચ્ચ શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર

બિડાણ:

1. મિનીટ્સ ઓફ મિટીંગ
2. પ્રેસનોટ - GCAS પોર્ટલ અંતર્ગત લેવામાં આવેલ અગત્યનાં નિર્ણયો

નકલ રવાના જાણ સારું:

- પી. એ. ટુ. માન. અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય
- માન. કમિશ્નરશ્રી (ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય
- માન. નિયામકશ્રી (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય

# મિનીટ્સ

આજ રોજ તા. 28-06-2024ને બપોરે 3.30 કલાકે માનનીય અગ્રસચિવની અધ્યક્ષતામાં GCAS સાથે સંલગ્ન 15 સરકારી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, GIPLના અધિકારીશ્રીઓ તથા કેસીજીના એડવાઇઝરશ્રી પ્રો. એ. યુ. પટેલ સાથે ઓનલાઈન મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું અને જેમાં નીચે મુજબની બાબતોની ચર્ચા કરવામાં આવી અને GCAS પોર્ટલ સંબંધિત નીચે મુજબની બાબતો માટે તેમની સામે જણાવેલ નિર્ણયો તમામ હાજર સભ્યોની સર્વાનુમતિથી કરવામાં આવેલ જે નીચે મુજબ છે:

| ક્રમ | પ્રોગ્રામ | બાબત | નિર્ણય |
|---|---|---|---|
| ૧ | સ્નાતક | GCAS પોર્ટલ પર સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા બાબત. | તા.૦૪-૦૭-૨૦૨૪થી તા.૦૬-૦૭-૨૦૨૪ સુધી સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવાનું અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી GIPL સાથે સંકલન કરી પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું. |
| ૨ | અનુસ્નાતક | GCAS પોર્ટલ પર અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા બાબત. | તા.૦૧-૦૭-૨૦૨૪થી તા.03-૦૭-૨૦૨૪ સુધી અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા માટે GCAS પોર્ટલ ઓપન કરવાનું અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી GIPL સાથે સંકલન કરી પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું. |
| 3 | સ્નાતક અને અનુસ્નાતક | GCAS પોર્ટલ મારફત પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક | સંબંધિત યુનિવર્સિટી GIPL સાથે સંકલન કરી તેમની કક્ષાએ ફેરફાર કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |

| ક્રમ | પ્રોગ્રામ | બાબત | નિર્ણય |
|---|---|---|---|
| | | વિગત કે પસંદ કરેલ વિષય, કોલેજ વગેરેમાં જરૂરી ફેરફાર કરવા બાબત. | |
| ૪ | સ્નાતક અને અનુસ્નાતક | વિદ્યાર્થીએ GCAS પોર્ટલ મારફત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિવિધ પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટીમાં મેળવેલ પ્રવેશ રદ્દ કરવા બાબત. | સંબંધિત યુનિવર્સિટી GIPL સાથે સંકલન કરી તેમની કક્ષાએથી પ્રવેશ રદ્દ કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |
| ૫ | B.Ed. | GCAS પોર્ટલ મારફત B.Ed. પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિવિધ વિષય-કોલેજ-યુનિવર્સિટી પસંદ કરેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય, કોલેજ વગેરેમાં જરૂરી ફેરફાર કરવા બાબત. | સંબંધિત યુનિવર્સિટી GIPL સાથે સંકલન કરી તેમની કક્ષાએ ડેટામાં ફેરફાર કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |

ઉપરોક્ત મુજબના નિર્ણય કરી ઓનલાઈન મીટીંગમાં ઉપલબ્ધ તમામ સભ્યોનો આભાર માનીને મીટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

પ્રો. એ. યુ. પટેલ
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

# <u>પ્રેસનોટ</u>

તા. ૨૯/૦૬/૨૦૨૪

## <u>GCAS પોર્ટલ અંતર્ગત લેવામાં આવેલ અગત્યનાં નિર્ણયો</u>

રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોની પ્રવેશ પ્રક્રિયામાં એકસૂત્રતા જળવાય અને નિયત સમયે કોલેજોમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થઈ શકે તે માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલનો આરંભ કરવામાં આવેલ છે.

GCAS પોર્ટલ અંતર્ગતની વિદ્યાર્થીઓની રજૂઆતઓને ધ્યાને રાખતા ઉચ્ચ કક્ષાએ ગુજરાતની ૧૫ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની બેઠકમાં સર્વસંમતીથી નીચે મુજબનાં નિર્ણયો લેવામાં આવેલ છે જેનું અમલીકરણ તાત્કાલિક તમામ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવશે.

1) **<u>તા.૦૪/૦૭/૨૦૨૪ થી તા.૦૬/૦૭/૨૦૨૪</u>** સુધી **સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ** માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

2) **<u>તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૦૩/૦૭/૨૦૨૪</u>** સુધી **અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ** માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા માટે GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

3) GCAS પોર્ટલ મારફત **કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની** <u>પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય વગેરેમાં જરૂરી ફેરફાર</u> માટે

સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.

4) GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થી દ્વારા **કોલેજ-યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ મેળવેલ હોય અને પોતાનો પ્રવેશ કોઈ કારણસર રદ કરાવવા ઈચ્છતા હોય તો તેઓ** સંબંધિત યુનિવર્સિટી/કોલેજમાં જઈ પોતાના પ્રવેશ રદ કરાવી શકશે. આ માટે યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને જે તે યુનિવર્સિટી/કોલેજ **કક્ષાએથી પ્રવેશ રદ્દ કરી શકશે.**

5) GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થીઓ દ્વારા **B.Ed. પ્રોગ્રામમાં પ્રવેશ મેળવેલ હોય પરંતુ વિદ્યાર્થી પોતાની પ્રવેશ મેળવેલ વિષય, શૈક્ષણિક વિગત વગેરેમાં જરૂરી ફેરફાર** કરવા ઈચ્છતા હોય તો, તે સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજ કક્ષાએ ફેરફાર કરી શકશે.



પ્રો. એ. યુ. પટેલ
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી